ડીસા પાલિકામાં ફરી કમળ ખીલ્યું

કોંગ્રેસને માત્ર એક બેઠક : આપનું ખાતું ખુલ્યું

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લામાં મોદી મેજીક વચ્ચે ડીસા નગર પાલિકામાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે ભવ્ય જીત મેળવી છે. જ્યારે

ભાજપ	૨૭
અપક્ષ	૧૫
કોંગ્રેસ	૦૧
આપ	૦૧

કોંગ્રેસના ફાળે સમ ખાવા પૂરતી માત્ર એક બેઠક આવતા કોંગ્રેસનો કરુણ રકાસ થયો છે. જો કે પાલિકામાં એક બેઠક સાથે આમ આદમી પાર્ટીનો પાલિકામાં પ્રથમવાર પ્રવેશ થયો છે.

ડીસા નગર પાલિકાની ચૂંટણીમાં ભાજપના ૪૪, કોંગ્રેસના ૨૪, આમ આદમી પાર્ટીના ૨૦ અને અપક્ષના ૬૨ મળી ૧૫૨ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. વધતી જતી મોંઘવારી વચ્ચે યોજાયેલ ચૂંટણીમાં મતદારો પ્રારંભથી નીરસ જણાતા હતા પરંતુ છેલ્લી ઘડીએ ભાજપ કાર્યકરોએ જોર લગાવતા ૬૯.૪૫ ટકા મતદાન થયું હતું. જે ગત ૨૦૧૫ ની ચૂંટણી કરતા ૬.૦૩ ટકા ઓછું હતું. ગત ચૂંટણીમાં ૬૬.૬૨ ટકા મતદાન થયું હતું. જેમાં ભાજપને ૨૧, કોંગ્રેસને ૬ અને અપક્ષને ૧૭ બેઠક મળી હતી.પાલિકાની ચૂંટણીમાં અપક્ષની વધતી જતી બોલબાલાનાં કારણે આ વખતે સૌથી વધુ ૬૨ અપક્ષ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. વળી, આ વખતે પ્રથમવાર આમ આદમી પાર્ટીએ ચૂંટણીમાં ઝંપલાવતા ચૂંટણી રસપ્રદ બની ગઈ હતી. જેથી પરિણામને લઈ ઉત્તેજના સાથે ઉત્સુકતા છવાઈ હતી. જેને લઈ મત ગણતરી સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જો કે ગણતરી કેન્દ્રમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પત્રકારોને પણ પ્રવેશવા દેવાયા નહતા. ઇ. વી. એમ. મશીનમાં મતદાનને લઈ પરિણામો ઝડપભેર આવવા લાગ્યા હતા . વિજેતા ઉમેદવારોને તેમના સમર્થકોએ ફુલહારથી વધાવી લઈ વિજયોત્સવ મનાવ્યો હતો. શહેરમાં નીકળેલ ઉમેદવારોના વિજય સરઘસે આકર્ષણ જમાવ્યું હતું. ડીજેના તાલે નીકળેલા વિજય સરઘસોના કારણે ઠેર ઠેર ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા.

છેલ્લે મત ગણતરીમાં ભાજપને ૨૭ બેઠક સાથે બહુમતી મળી હતી પરંતુ પેનલો તૂટતા ભાજપ આગેવાનો માથું ખંજવાળવા લાગ્યા હતા.કોંગેસના ફાળે વોર્ડ નં. ૮ ની એકમાત્ર બેઠક આવી હતી. જેમાં ડો. ભાવિ શાહ વિજેતા બની કોંગ્રેસની લાજ રાખી હતી. જો કે વોર્ડ નં. ૪ માં ઉલટફેર થતા આમ આદમી પાર્ટીના વિજયભાઈ દવેના વિજય સાથે પાલિકામાં પ્રથમવાર આપ પાર્ટીનું ખાતું ખુલ્યું હતું. જ્યારે ૧૫ અપક્ષ ઉમેદવારોની જીત થઈ હતી.

ઉત્તેજનાભર્યા માહોલમાં મત ગણતરી સંપન્ન થતા વહીવટીતંત્ર સહિત આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો હતો. જો કે હાર જીતને લઈ જો અને તો ના સમીકરણોને લઈ મોડી રાત સુધી શહેરમાં ઉત્તેજનાનો માહોલ અકબંધ જોવા મળ્યો હતો. જેમાં પરિણામને લઈ કહી ખુશી કહી ગમના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

અરવલ્લીમાં ૨ દિવસમાં ૨૫૧૩ વયસ્કોએ કોરોનાની રસી મૂકાવી

કેન્દ્રો ઉપર જ રજીસ્ટ્રેશનની સુવિધા

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લામાં ૬૦ થી વધુ વય ધરાવતા નાગરિકોને કોવિડ રસી આપવાના અભિયાનનો પ્રારંભ થયો છે. અગાઉ જે વ્યક્તિઓને રસી આપવામાં આવનાર હતી તેમનું અગાઉથી રજીસ્ટ્રેશન કરવા માટે સરકારે જાહેર કરતાં સિનિયર સિટીઝનોમાં આ મુદ્દે અવઢવની સ્થિતિ ઉભી થઈ હતી પરંતુ હવે રસીકરણ કેન્દ્રો ઉપર જ રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. ૬૦ વર્ષથી વધુ વયની વ્યક્તિ આધાર કાર્ડ લઈને કેન્દ્રમાં જશે તો તેમનું સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરી રસીનો ડોઝ આપવામાં આવશે. જિલ્લામાં ૨ દિવસથી સરકારની ગાઈડલાઈન મુજબ શરૂ થયેલા રસીકરણમાં અત્યાર સુધીમાં ૨૫૧૩ વયસ્કોએ રસી મૂકાવી કોરોનાના સંક્રમણથી પોતાને સુરક્ષિત કરી લીધા છે.

જિલ્લામાં ૧ માર્ચથી સિનિયર સિટીઝનો માટે રસીકરણનો પ્રારંભ થયો છે. જિલ્લાના તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો તથા સામૂહીક આરોગ્ય કેન્દ્રો ઉપર રસીનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન મુજબ અગાઉ રજીસ્ટ્રેશન કરાવવું જરૂરીયાત હતું જેથી સિનિયર સિટીઝનોમાં તે અંગેની અસમંજસ હતી પરંતુ હવે સ્થફ ઉપર જ રજીસ્ટ્રેશન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જેમાં આધારકાર્ડ સાથે રસીકરણ કેન્દ્રો ઉપર ઉપસ્થિત થતાં આરોગ્ય વિભાગના કર્મીઓ જે તે વયસ્કના આધારકાર્ડની વિગતો નોંધવાની સાથે ફોટો પાડી રજીસ્ટ્રેશન કરી આપશે. રજીસ્ટ્રેશન થયા પછી તેમને કોવિડ વિરોધી રસી આપવામાં આવશે. પ્રથમ ડોઝ લેનારે બે ડોઝ લેવાના રહેશે આ ઉપરાંત આરોગ્ય સેતુ, કોવિડ.જીઓવી.ઈન જેવી વેબસાઈટ ઉપરથી પણ કોરોનાની રસી લેવા ઈચ્છુક સિનિયર સિટીઝન ઓનલાઈન રજીસ્ટ્રેશન જાતે પણ કરાવી શકે છે. આ એપ મારફતે તેઓ રસી મૂકાવવા માટે પોતાની અનુકુળ તારીખ, સ્થળ અને સમય પસંદ કરી શકે છે. જિલ્લામાં ૨ દિવસથી શરૂ કરવામાં આવેલા સિનિયર સિટીઝનના રસીકરણમાં ૪૫ થી ૬૦ વર્ષની વયના કુલ-૨૫૧૩ વયસ્કોએ રસી મૂકાવી હોવાનું આરોગ્ય સૂત્રો જણાવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં ૧૪ ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની રસી અપાશે

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લામાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો અને ૪૫ થી ૬૦ વર્ષ સુધી સરકારે

સરકારી હોસ્પિટલોમાં રસી નિઃશુલ્ક, ખાનગી હોસ્પિટલમાં રૂા.૨૫૦ નો ચાર્જ

સૂચવેલ જુદી જુદી ૨૦ પ્રકારની બિમારી ધરાવતા હોય તેમને કોરોના વિરોધી રસી આપવાનું સોમવારથી શરૂ કરાયું છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં ૧૪ ખાનગી હોસ્પિટલોમાં કોરોના સામે રક્ષણ આપતી રસી મૂકવાની મંજૂરી આપવામાં આવી છે. ખાનગી હોસ્પિટલમાં રસી મૂકાવનાર નાગરિકોએ રૂા.૧૫૦ રસીના અને રૂા.૧૦૦ વહીવટી ચાર્જ મળી કુલ-૨૫૦ નો ચાર્જ ચૂકવવાનો રહેશે.

કોરોનાની મહામારી ઉપર અંકુશ મૂકવાના ભરપૂર પ્રયાસ વચ્ચે હવે રસીના સ્વરૂપમાં રામબાણ ઈલાજ આવી જતાં આરોગ્ય વિભાગે હાશકારો અનુભવ્યો છે. જિલ્લામાં ૧ માર્ચથી ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝનો અને ૬૦ વર્ષથી સુધીની વયના જુદી જુદી બિમારી ધરાવતા નાગરિકોને રસીકરણમાં આવરી લેવાયા છે. સરકારી હોસ્પિટલોમાં રસી વિના મૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ખાનગી હોસ્પિટલમાં નિયત કરેલ ચાર્જથી રસી લઈ શકાશે. જિલ્લામાં કોરોના વેક્સિન આપવાના અભિયાનનો તા.૧૬-૧-૨૦૨૧ ના રોજથી શુભારંભ થયો હતો જેમાં પ્રથમ તબક્કામાં હેલ્થકેર વર્કરોને વેક્સિન અપાયા પછી બીજા તબક્કામાં ફ્રન્ટલાઈન વર્કસને વેક્સિન આપી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. જ્યારે ૬૦ વર્ષથી વધુની વયના સિનિયર સિટીઝન અને ૪૫ થી ૬૦ વર્ષની વયના નાગરિકો કે જેઓને સરકારે સૂચવેલી બિમારી લાગુ હોય તેઓને વેક્સિન આપવાનો સોમવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્રીજા તબક્કાના રસીકરણ અભિયાનમાં કોવિડ-૧૯ ની વેક્સિન (કોવિશિલ્ડ) આપવાની કામગીરી તમામ સરકારી આરોગ્ય કેન્દ્રોમાં વિના મૂલ્યે ઉપલબ્ધ કરવામાં આવી છે. જ્યારે આયુષ્યમાન ભારત યોજના સાથે જોડાયેલ ખાનગી હોસ્પિટલમાં સરકારે નિયત કરેલ ચાર્જ ચૂકવી રસી લેવી પડશે.

જિલ્લામાં રસીકરણ માટે નિયત કરાયેલ હોસ્પિટલો

હોસ્પિટલનું નામ	સ્થળ
એઈમ્સ હોસ્પિટલ	મોડાસા
આશિષ ઓથોપેડીકલ હોસ્પિટલ	મોડાસા
ધનલક્ષ્મી સર્જીકલ હોસ્પિટલ	મોડાસા
ક્રિષ્ણા ડાયાલીસીસ સેન્ટર	મોડાસા
રાજ ઈ.એન.ટી. હોસ્પિટલ	મોડાસા
સપન હોસ્પિટલ	બાયડ
શ્રી જલારામ હોસ્પિટલ	મેઘરજ
શ્રીનાથ હોસ્પિટલ	મોડાસા
વાત્રક હોસ્પિટલ	વાત્રક(બાયડ)
ઘાંચી આરોગ્ય મંડફ	મોડાસા
યુનિટી હોસ્પિટલ	મોડાસા
વિશ્વા ઓથોપેડીકલ હોસ્પિટલ	મોડાસા
આયુષ્યમાન સર્જીકલ હોસ્પિટલ	મોડાસા
અર્ના સર્જીકલ હોસ્પિટલ	મોડાસા

અરવલ્લી જિલ્લામાં 'ઝાડુ' ની એન્ટ્રી

મોડાસા તાલુકા પંચાયત ટીંટોઈ-૨ સીટ પર આમ આદમી પાર્ટીના રાહુલ સોલંકીનો ભવ્ય વિજય

મોડાસા, તા.૨

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં જીલ્લા પંચાયત,૬ તાલુકા પાંચાયત અને મોડાસા-બાયડ નગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે ત્યારે જીલ્લાના રાજકારણમાં AIMIM અને આમ આદમી પાર્ટી પણ એન્ટ્રી થઈ છે મોડાસા નાગરપાલિકામાં AIMIM એ કોંગ્રેસમાં ગાબડું પાડી વિરોધ પક્ષનું સ્થાન છીનવી લીધું છે ત્યારે આમ આદમી પાર્ટીએ પણ ખાતું ખોલાવ્યું છે મોડાસા તાલુકા પંચાયતની ટીંટોઈ -૨ સીટ પર આમ આદમી પાર્ટીના યુવાન ઉમેદવાર રાહુલ સોલંકીનો ૧૬ મતથી ભવ્ય વિજય થતા આમ આદમી પાર્ટીમાં ભારે ઉતસાહનો માહોલ જોવા મળી રહ્યો છે

અરવલ્લી જીલ્લામાં ભાજપની સુનામી સામે મોડાસા તાલુકા પંચાયતની ટીંટોઈ-૨ બેઠક પર આમ આદમી પાર્ટીના નવ યુવાન ઉમેદવાર અને ૧૦૮ ના હુલામણા નામથી જાણીતા રાહુલ કચરા ભાઈ સોલંકીનો ભવ્ય થતા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોમાં ભારે સન્નાટો જોવા મળ્યો હતો આમ આદમી પાર્ટીના ઉમેદવારનો વિજય થતા ભાજપ અને કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ પણ ચોકી ઉઠ્યા હતા આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ સોલંકી ૧૬ મત થી વિજેતા જાહેર થતાની સાથે તેમના ટેકેદારો વિજયોત્સવ મનાવવાની શરૂ કરી દીધું હતું આમ આદમી પાર્ટીના વિજેતા ઉમેદવાર રાહુલ સોલંકીએ તેમના મત વિસ્તારમાં ઝડપથી વિકાસના કામો થાય અને તેમના મત વિસ્તારમાં પ્રજાલક્ષી કાર્યો માટે હંમેશા પ્રયત્નશીલ રહેશે તેમજ તેમના મત વિસ્તારના લોકોની મદદ માટે કે કોઈ પણ સમસ્યા માટે ૨૪ કલાક તેમના ઘરના દરવાજા ખુલ્લા હોવાનું જણાવ્યું હતું અને સામાન્ય સીટ પરથી વિજય બનાવવા મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિજ ખાતે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયો

તાલુકા પંચાયતમાં ભાજપ ૧૫, કોંગ્રેસ-૪, અપક્ષ-૧ સીટ ઉપર વિજય : પ્રાંતિજ જિલ્લા પંચાયત ચારેય સીટ ઉપર કમળ ખીલ્યુ : પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ : ભાજપે કોંગ્રેસ પાસે સત્તા તાલુકા પંચાયત છીનવી લીધી

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આજે તાલુકા પંચાયતની ૨૦ સીટો અને જિલ્લા પંચાયતની ચાર સીટો માટેની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તાલુકા પંચાયતમાં ૧૫ સીટો ઉપર કમળ ખીલ્યુ હતુ અને ૪ સીટો ઉપર કોંગ્રેસ અને ૧ સીટ ઉપર અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો.

પ્રાંતિજ ખાતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન ૨૮-૨-૨૦૨૧ના રોજ યોજાયુ હતુ અને આજે એક દિવસ બાદ પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ તાલુકા પંચાયતની ૨૦ સીટો અને જિલ્લા પંચાયતની ૪ સીટોની મતગણતરી યોજાઈ હતી જેમાં તાલુકા પંચાયતની ૨૦ સીટોમાંથી ૧૫ સીટો ઉપર ભાજપના ઉમેદવારોનો વિજય થયો હતો, તો ચાર સીટો ઉપર કોંગ્રેસના ઉમેદવારે બાજી મારી હતી. તો જિલ્લા પંચાયતની ચાર બેઠકો સોનાસણ, મોયદ, સીતવાડા, બાલીસણા ચારેય સીટો ઉપર ભાજપે ઝંડો લહેરાવ્યો હતો અને પ્રાંતિજની ચાર જિલ્લા પંચાયત સીટ ઉપર કોંગ્રેસ ખાતુ પણ ખોલી શકી ન હતી. પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ જોવા મળ્યો હતો અને વિજેતા ઉમેદવારોના વરઘોડા નિકળ્યા હતા. તંત્ર દ્વારા પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નિષ્પક્ષ રીતે મતગણતરી હાથ ધરી હતી. પ્રાંતિજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાતા ભાજપ કાર્યકરો, આગેવાનો સહિત કાર્યકરોમાં ખુશી જોવા મળી હતી.

ભાજપાના વિજેતા ઉમેદવાર સીટ મળેલ મત

ભુરીબેન ભલસિંહ ચૌહાણ - ૨૨૦૫ - બાલીસણા સીટ
મધુબા હમીરસિંહ ઝાલા - ૧૮૪૯ - દલાની મુવાડી સીટ
ઉપેન્દ્રકુમાર નાથાજી મકવાણા - ૧૪૫૨ દલપુર સીટ
રમીલાબેન બાબુજી પરમાર - ૨૨૭૧ ફતેપુરા સીટ
બાલુસિંહ જીવનસિંહ મકવાણા - ૨૩૫૪ - કમાલપુર સીટ
કાળીદાસ પૂંજાભાઈ પટેલ - ૨૩૫૨ - મજરા સીટ
કતુસિંહ પરબતસિંહ રાઠોડ - ૨૨૪૫ - મોયદ સીટ
ધીરજકુમાર મોહનભાઈ રાઠોડ - ૨૭૭૮ - પીલુદા સીટ
દક્ષાબેન વિપુલકુમાર શર્મા - ૧૬૮૧ - સલાલ સીટ
આરસબેન વિરપાલસિંહ રાઠોડ - ૧૯૫૪ - સીતવાડા સીટ
વિરલકુમારી રઘુભાઈ ગાવિત - ૨૨૮૩ - સોનાસણ સીટ
વર્ષાબેન દિલીપસિંહ મકવાણા - ૨૩૮૪ - ઉંછા સીટ
રાજેશકુમાર કાંતિભાઈ પટેલ - ૨૭૨૮ - વદરાડ સીટ
પ્રદીપસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડ - ૨૯૮૮ - વાઘપુર સીટ
સવિતાબેન વિનુભાઈ ચમાર - ૨૧૫૪ - ઝીંઝવા

કોંગ્રેસના વિજેતા ઉમેદવાર સીટ મળેલ મત

મંજુલાબેન ગાંડાજી મકવાણા - ૧૮૯૯ - તાજપુર સીટ
રમીલાબેન રાજેશકુમાર પરમાર - ૨૨૦૫ - આમોદરા સીટ
દિલીપસિંહ વહિતસિંહ ડોડીયા - ૨૧૧૬ - ઘડી સીટ
રાજકુમાર ભરતભાઈ પટેલ - ૧૯૮૯ - ઓરણ સીટ

અપક્ષ ઉમેદવાર સીટ મળેલ મત

તુષારકુમાર વિનુભાઈ પટેલ - ૧૭૧૮ - ઘડકણ સીટ
જિલ્લા પંચાયત સીટ વિજેતા ઉમેદવાર મતોથી વિજેતા
નીસ્બા રાજેન્દ્રસિંહ ઝાલા - ૪૨૫૫ - બાલીસણા સીટ
વિપુલભાઈ ભોગીલાલ પટેલ - ૩૧૫૬ - મોયદ સીટ
મહેન્દ્રસિંહ દાનસિંહ રાઠોડ - ૨૩૩૮ - સીતવાડા સીટ
સેજલબેન લલિતભાઈ પટેલ - ૧૮૫૯ - સોનાસણ સીટ

મોડાસા નગરપાલિકામાં ભગવો લહેરાયો...ભવ્ય રેલી યોજાઈ

મોડાસા નગરપાલિકામાં AIMIMની ધમાકેદાર એન્ટ્રી,વિરોધ પક્ષની ભૂમિકામાં

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજયની જીલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા તેમજ બાયડ નગરપાલિકાની ૨૮ ફેબ્રુઆરીએ યોજાયેલ ચૂંટણી બાદ મંગળવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મત ગણતરી યોજાઈ હતી જેમાં અરવલ્લી જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો છે. જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે સત્તા ગુમાવી છે. તો માલપુર, મોડાસા તાલુકા પંચાયત પણ ભાજપ ફાળે ગઈ છે. જયારે મોડાસા અને બાયડ નગર પાલિકામાં પણ ભગવો લહેરાયો હતો મોડાસા નગરપાલિકામાં AIMIM ને ૯ બેઠકો મળી કોંગ્રેસ પાસેથી વિરોધપક્ષનું પદ પણ છીનવું લીધું છે કોંગ્રેસે ૮ બેઠકો મેળવી રહીસહી આબરૂ બચાવી લીધી હતી મોડાસા નગરપાલિકામાં વોર્ડ.નં-૪ માં અપક્ષ ઉમેદવાર ભરત કડિયાએ ભાજપને હંફાવ્યું હતું અને ૮ મતે ભાજપના ઉમેદવાર માંડ માંડ જીતી શક્યા હતા મોડાસા અને બાયડમાં ભાજપનો ભગવો લહેરાતા ભવ્ય વિજય સરઘસ નીકળ્યું હતું મોડાસા ભાજપના વિજેતા ઉમેદવારો અને ટેકેદારો ગરબે ઘૂમી વિજયોત્સવ મનાવ્યો હતો.

મોડાસા નગરપાલિકા પર ભાજપનો દબદબો યથાવત જોવા મળી રહ્યો છે. નગરપાલિકામાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપે સત્તા જાળવી રાખી છે. જો કે વોર્ડ નંબર ૫માં ભાજપની પેનલ તૂટી છે. વોર્ડ નંબર ૫માં કોંગ્રેસના ઉમેદવારે ઉમેદવારે ખાતું ખોલાવતા ભાજપના ૩ અને કોંગ્રેસના ૧ ઉમેદવારે જીત મેળવી છે. વોર્ડ નંબર ૧ થી ૪માં ભાજપની પેનલ વિજેતા બની છે. પાલિકામાં ભાજપને કુલ ૧૯ બેઠકો મળી છે, બહુમતી માટેનો જાદુઈ આંકડો ભાજપે હાંસલ કરી છે. ભારતીય જનતા પાર્ટી છેલ્લા ૨૫ વર્ષથી નગરપાલિકા પર સત્તા પર છે ત્યારે આ વર્ષે પણ ફરીથી સત્તામાં બેસશે. ભાજપને કુલ ૧૯ બેઠકો મળતા પાર્ટીમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.મોડાસા શહેરમાં ભવ્ય વિજયોત્સવ મનાવ્યો હતો અને ભવ્ય રેલી યોજાઈ હતી બાયડમાં પણ ભાજપે કોંગ્રેસના સૂપડા સાફ કરી ભવ્ય વિજય મેળવ્યો હતો મોડાસા નગરપાલિકામાં કોંગ્રેસની નબળી નેતાગીરી અને ટીકીટ વહેંચણીમાં ઉમેદવારોની પસંદગીમાં વ્હલા-દવાલાની નીતિના લીધે વિપક્ષ પદ પણ ગુમાવવું પડ્યું હતું મોડાસા પાલિકાની ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટી AIMIMનું શાનદાર પ્રદર્શન કર્યું હતું કોંગ્રેસને આ વખતે પણ નિરાશા હાથ લાગી છે. મોડાસામાં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈતેહાદ-ઉલ-મસ્લિમીન (AIMIM)એ આશ્ચર્યજોનક પ્રદર્શન કરી તમામને મંત્રમુગ્ધ કરી મૂક્યા છે.

કોંગ્રસ ધારાસભ્યોના પુત્રોની કારમી હાર

ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વીન કોટવાલ અને ભિલોડા ધારાસભ્ય અનીલ જોષીયારાના પુત્ર હાર્યા

મોડાસા, તા. ૨

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસનો ભારે રકાસ થયો છે ત્યારે ભાજપની લહેરમાં કોંગ્રેસના ધારાસભ્યના પુત્રોની પણ કારમી હાર સહન કરવાનો વારો આવ્યો છે વિજયનગર તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ અને ચિતરીયા બેઠક પરથી જંપલાવનાર યશ કોટવાલની હાર થઈ હતી કોંગ્રેસના ગઢમાં ભાજપે ભંગાણ સર્જ્યું છે બીજીબાજુ વર્ષોથી કોંગ્રેસનો દબદબો ધરાવતી ભિલોડા તાલુકાની ઉપસલ બેઠક પર ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનીલ જોષીયારાના પુત્ર કેવલ જોષીયારાની કારમી હાર થતા કોંગ્રેસની આબરૂનું ધોવાણ થયું હોય તેવી સ્થિતી જોવા મળી રહી છે. સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના દબદબો ધરાવતા વિસ્તારોમાં અને સ્થાનીક કોંગ્રેસના ધારાસભ્યોના પુત્રો પણ ભાજપની સુનામી માં કારમી હાર સહન કરવાનો વારો આવ્યો છે બને બેઠક પર ધારાસભ્યોના પુત્રો અને ધારાસભ્યોનો જીતવાનો વધુ પડતો આત્મવિશ્વાસ નડી ગયો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

અવસાન નોંધ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ : પ્રાંતિજ તાલુકાના પીલુદરા ગામના બાબુલાલ અમૃતલાલ નાયક(નિવૃત્ત શિક્ષક)નું તા.૨ ના રોજ નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.